8. ANS. (C) EX. 42મા બંધારણીય સુધારા (1976) દ્વારા ભાગ 4(A) ઉમેરાયો અને નાગરિકોની 10 મૂળભૂત ફરજો દાખલ કરાઈ. 2002માં 86માં સુધારા દ્વારા 11 મી ફરજ ઉમેરાઈ જે 6 થી 14 વર્ષની ઉમરના બાળકોને પ્રાથમિક શિક્ષણ અપાવવું એ તેના માતા–પિતાની ફરજ રહેશે તેની જોગવાઈ કરે છે.

9. ANS. (B) EX. ભારત રત્ન દેશનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર છે. જેની શરૂઆત 1954માં કરવામાં આવી હતી. ત્યારે પ્રથમ વખત ત્રણ મહાનુભાવો ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન (તત્વજ્ઞાની અને પ્રથમ ઉપરાષ્ટ્રપતિ), સી. રાજગોપાલાચારી (રાજકીય નેતા) અને ડૉ. સી.વી.રામન (વિજ્ઞાન)ને એવોર્ડ એનાયત થયો હતો. આ પુરસ્કાર વિજ્ઞાન, કલા, સાહિત્ય અને જાહેર સેવાઓ માટે આપવામાં આવે છે.

10. ANS. (D) EX. દિપક ભુરિયા એક જાણીતા ભારતીય બોકસર છે. તેમણે વર્ષ 2023માં તાશ્કંદ (ઉઝબેકિસ્તાન) ખાતે યોજાયેલી AIBA મેન્સ વર્લ્ડ બોકિસગ ચેમ્પિયનશીપમાં 51 કિલોગ્રામ (ફ્લાયવેટ) કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

11. ANS. (C) EX. મૂળ સંવિધાનમાં શિક્ષણ રાજ્ય યાદીમાં હતું એટલે ફકત રાજ્ય કાયદા બનાવી શકતું હતું. પરંતુ 42 માં સુધારા (1976) પછી તેને સંયુકત યાદીમાં મુકવામાં આવ્યું. હાલમાં શિક્ષણ અંગે કેન્દ્ર અને રાજ્ય બંને કાયદા બનાવી શકે છે.

12. ANS. (B) EX. સ્વાદુપિડમાંથી ઈન્સ્યુલીન અને ગ્લુકાગોન બે અંતઃસ્ત્રાવો ઉત્પન્ન થાય છે, ઈન્સ્યુલીન વધારાના ગ્લુકોઝનું ગ્લાયકોઝનમાં રૂપાંતર કરે છે. જો સ્વાદુપિંડમાં ખામી સર્જાય અને ઈન્સ્યુલીન યોગ્ય માત્રામાં ઉત્પન્ન ન થાય તો ગ્લુકોઝનું પ્રમાણ વધી જાય છે. જેને ડાયાબીટીસ કહે છે.

13. ANS. (A) EX. 15 મો હોકી વર્લ્ડ કપ(પુરુષ) 2023 ભારતમાં ઓડિશામાં ભુવનેશ્વર અને રાઉરકેલા શહેરોમાં યોજાયો હતો. ફાઈનલમાં જર્મનીએ બેલ્જિયમને હરાવી ખિતાબ જીત્યો. વર્ષ 2026માં 16મો બેલ્જિયમ અને નેધરલેન્ડમાં સંયુકત રીતે યોજાશે.

14. ANS. (A) EX. ગુજરાતના જામનગરમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનું વિશ્વનું સૌથી મોટું ઓઈલ રિફાઈનરી કોમ્પ્લેકસ આવેલું છે. તેની ક્ષમતા દરરોજની 1.24 મિલિયન બેરલ છે. અહીં કાચા તેલનું શુદ્ધિકરણ પેટ્રોલ, ડિઝલ, પેટ્રોકેમિકલ્સનું ઉત્પાદન થાય છે. દિગ્બોઈ (આસામ) ભારતની સૌથી જૂની રિફાઈનરી છે.

15. ANS. (A) EX. OER એટલે Open Educational Resources. NROER (National Repository of Open Educational Resources) અને e-Pathshala ભારતના મુખ્ય OER છે. પરંતુ BISAG-N (Bhaskaracharya Institute for Space Applications and Geo-informatics - National) એક ટેકનોલોજી આધારિત સંસ્થા છે, OER તરીકે ઓળખાતી નથી.

16. ANS. (B) EX. ઈ–લર્નિંગ શિક્ષણનો એક માત્ર વિકલ્પ નથી, પરંતુ પરંપરાગત શિક્ષણ સાથે પૂરક (Supplementary) રૂપે કામ કરે છે. તે શિક્ષણને આધુનિક અને રસપ્રદ બનાવે છે અને માહિતી સરળતાથી ઓનલાઈન ઉપલબ્ધ કરાવે છે. પરંતુ તેને માત્ર એક વિકલ્પ ગણવું યોગ્ય નથી.

DEMO COPY YUVA UPANISHAD PUBLICATION

48. વ્યકિત શું કરે છે ? તેના કરતાં તેણે શું કરવું જોઈએ? આ બાબતનો વિચાર કેળવણીના કયા ધ્યેય સાથે સંકળાયેલો છે?
(A) નૈતિક ધ્યેય
(B) જ્ઞાન પ્રાપ્તિનું ધ્યેય
(C) પૂર્ણ જીવનનું ધ્યેય
(D) ફુરસદના સમયના સદ્‌ઉપયોગનું ધ્યેય

49. નીચેના પૈકી કયો કાર્યક્રમ અવૈધિક શિક્ષણને સીધો લાગુ પડતો નથી ?
(A) અક્ષરજ્ઞાન (B) પરીક્ષા
(C) વ્યવસાયની તાલીમ (D) વ્યસનમુકિત

50. અધ્યયન પ્રક્રિયામાં સમાયેલી ત્રણ બાબતોમાં કઈ બાબત સમાવિષ્ટ નથી ?
(A) પ્રારંભ (B) પરિણામ
(C) પ્રક્રિયા (D) મૂલ્યાંકન

51. '14 સેમી ત્રિજયાવાળા વર્તુળનું ક્ષેત્રફળ કેટલું થાય?– આ પ્રશ્નનો જવાબ મેળવવા બાળક સૂત્રનો ઉપયોગ કરે છે. અહીં, વિદ્યાર્થીએ કયું બૌદ્ધિક કૌશલ્ય પ્રાપ્ત કરેલ ગણાય?
(A) વિભેદીકરણ (B) સંકલ્પના
(C) નિયમ (D) સમસ્યા ઉકેલ

52. પ્રમાણ વિચલન (σ) માટે શું સાચું નથી?
(A) પ્રમાણ વિચલનનું મૂલ્ય જેટલું નાનું, વર્ગજૂથની સમરૂપતા વધુ.
(B) દરેક પ્રાપ્તાંકમાં કોઈ અચળ સંખ્યા ઉમેરવાથી પ્રમાણ વિચલનમાં વધારો થાય છે.
(C) દરેક પ્રાપ્તાંકને એક જ અંકથી ગુણવામાં આવે તો પ્રમાણ વિચલન તેટલાં ગણુ વધે છે.
(D) પ્રમાણ વિચલનનો ઉપયોગ પ્રાપ્તાંકોની ચલિતતા જાણવા થાય છે.

53. નીચેનામાંથી કઈ ઈ – કન્ટેન્ટની લાક્ષણિકતા નથી?
(A) તે ફકત ડિજીટલ સ્વરૂપમાં હોય છે.
(B) તેને વેબપેજ કે અન્ય માધ્યમ દ્વારા રજૂ કરાય છે.
(C) તેમાં ફકત એનિમેશન જ હોય છે.
(D) તેને QR Code સાથે લીંક કરી શકાય છે.

તાર્કિક અભિયોગ્યતા અને ગણિત

54. R, U, X, A, D, ? પ્રશ્નાર્થ ચિહ્નની જગ્યાએ સીરીઝ પુરી કરવા શું આવશે ?
(A) F (B) G
(C) H (D) I

55. 1, 3, 3, 6, 7, 9, 9, 12, 21, ? પ્રશ્નાર્થ ચિહ્નની જગ્યાએ સીરીઝ પુરી કરવા શું આવશે ?
(A) 10 (B) 11
(C) 12 (D) 13

DEMO COPY GUJARAT UNIVERSITY PUBLICATION

પ્રશ્નોના જવાબ સમજૂતી સાથે

48.ANS. (A) EX. અભ્યાસક્રમના હેતુઓમાં માત્ર જ્ઞાન આપવો પૂરતો નથી, પરંતુ બાળકોમાં મૂલ્યો, આદર્શો અને નૈતિકતા વિકસાવવી પણ એટલી જ જરૂરી છે.

49.ANS. (B) EX. પરીક્ષા (Examination) ઔપચારિક શિક્ષણનો અભિન્ન ભાગ છે, કારણ કે તે નક્કી થયેલ અભ્યાસક્રમ અને સમયપત્રક મુજબ લેવાય છે.


50. ANS. (D) EX. મૂલ્યાંકન (Evaluation) શીખવાની પ્રક્રિયાનો સીધો તબક્કો નથી, પરંતુ શીખેલા જ્ઞાનની કસોટી કરવાનું સાધન છે. મૂલ્યાંકન શિક્ષણ પછી થાય છે જેથી શીખવાની ગુણવત્તા અને સિદ્ધિ જાણી શકાય.

51.ANS. (D) EX. જ્યારે બાળક કોઈ ચોક્કસ પ્રશ્નનો જવાબ મેળવવા માટે ગણિતના સૂત્ર (નિયમ) નો ઉપયોગ કરે છે, ત્યારે તે એક ગણિતની સમસ્યાનું નિરાકરણ કરી રહ્યો છે. આ પ્રક્રિયામાં સૂત્રનો ઉપયોગ કરીને, તે જ્ઞાન (સૂત્ર) ને એક નવી પરિસ્થિતિ (વર્તુળનું ક્ષેત્રફળ શોધવું) માં લાગુ પાડે છે. આ સમગ્ર પ્રક્રિયા સમસ્યા ઉકેલનું ઉદાહરણ છે.

52.ANS. (B) EX. પ્રમાણ વિચલન એ ડેટાના ફેલાવા (spread)નું માપ છે.
- જો દરેક પ્રાપ્તાંકમાં કોઈ અચળ સંખ્યા ઉમેરવામાં આવે, તો તેમનો મધ્યક બદલાય છે, પરંતુ પ્રાપ્તાંકો વચ્ચેનું અંતર (વિચલન) યથાવત રહે છે. તેથી, પ્રમાણ વિચલનમાં કોઈ ફેરફાર થતો નથી, વધારો થતો નથી.

53.ANS. (C) EX. ઈ–કન્ટેન્ટ એ શિક્ષણ સામગ્રી છે જે ડિજીટલ સ્વરૂપમાં તૈયાર થાય છે. તેમાં ટેકસ્ટ, ઓડિયો, વીડિયો, એનિમેશન, ઈન્ફોગ્રાફિકસ વગેરે સામેલ હોય શકે છે માત્ર એનિમેશન જ ઈ–કન્ટેન્ટ નથી. પરંતુ બહુવિધ માધ્યમોનો સંયોજન છે તેને વેબસાઈટ, મોબાઈલ એપ કે QR કોડ દ્વારા સરળતાથી ઉપયોગ કરી શકાય છે આજના સમયમાં ઈ–લર્નિંગ મુખ્ય સાધન છે.

54. ANS. (B) EX.



55.ANS. **નોંધ : આ પ્રશ્ન રદ થયેલ છે.**

YUVA UPNISHAD PUBLICATION

1st COLOUR EDITION 2026-27


Amazon.inની વિવિધ શ્રેણીમાં પુસ્તકે મેળવેલા Top Ranks

- 1st RANK — GPSC Category
- 1st RANK — GPSC Category
- 5th RANK — SPSE Category
- 7th RANK — SPSE Category
- 12th RANK — Government Exam
- 28th RANK — Government Exam
- 35th RANK — Exam Preparation

ETHICS
નીતિશાસ્ત્ર

નૈતિકતા | સત્યનિષ્ઠા | સુશાસન

વર્ગ-૩ પરીક્ષા વિશેષ



PDF ડેમો કોપી ટેલિગ્રામ ચેનલ પર ઉપલબ્ધ

પુસ્તક પરિચયનો વીડિયો અમારી Youtube ચેનલ પર ઉપલબ્ધ છે.

YUVA UPNISHAD FOUNDATION Watch Us On YouTube


પુસ્તકની વિશેષતાઓ

- **CCE (Group-A અને B), રેવન્યૂ તલાટી** જેવી વર્ગ-૩ની વિવિધ પરીક્ષાના **નીતિશાસ્ત્ર વિષય**ના અભ્યાસક્રમને **9 પ્રકરણો**માં આવરી લેતું **રંગીન પુસ્તક**.
- આ પુસ્તકમાં **NCERT, GCERT, NIOS** જેવા વિવિધ આધારભૂત સ્ત્રોતોમાં નીતિશાસ્ત્ર વિષયને લગતા અગત્યના મુદ્દાઓ અને યોગ્ય ઉદાહરણોનો સમાવેશ.
- વિષય સંબંધિત મુદ્દાઓની સરળ સમજૂતી માટે **જીવંત, વાસ્તવિક, ઐતિહાસિક, વહીવટી અને વર્તમાન પ્રવાહ આધારિત ઉદાહરણો તથા સુવાક્યો**નો સમાવેશ.
- '**કેસ સ્ટડી**' : ઉત્તર લેખનશૈલી, વિવિધ અભિગમો, હિતધારકોનું વિશ્લેષણ તેમજ નૈતિક દ્વિધા અને સમસ્યાની વિસ્તૃત ચર્ચા.
- **GPSC**ની વિવિધ **પરીક્ષાઓમાં પૂછાયેલ કેસ સ્ટડીના આદર્શ જવાબો, મોડેલ કેસ સ્ટડી** અને **મહાવરા માટે**ની **કેસ સ્ટડી**નો વિશેષ સમાવેશ.
- **ગુજરાત વહીવટી સુધારણા પંચ (GARC)** ના **6 અહેવાલો**ની **મુખ્ય ભલામણો**નો સંક્ષિપ્ત સમાવેશ.
- **GSSSB** દ્વારા લેવાયેલ **રેવન્યૂ તલાટી** અને **CCE (Group-A)**ની **મુખ્ય પરીક્ષાના વર્ણનાત્મક પ્રશ્નો**નો પ્રકરણવાર સંબંધિત મુદ્દા સાથે સમાવેશ.
- **GPSC** દ્વારા લેવાયેલ વિવિધ મુખ્ય પરીક્ષાના **80થી વધુ** તથા **240થી વધુ** મહાવરા માટેના **વર્ણનાત્મક પ્રશ્નો**નો સમાવેશ.
- **GPSC** દ્વારા લેવાયેલ વિવિધ પરીક્ષાના **40થી વધુ હેતુલક્ષી પ્રશ્નો** અને **230થી વધુ મહાવરા માટેના હેતુલક્ષી પ્રશ્નો**નો સમાવેશ.
- મેમરી ટેક્નિક અને માઇન્ડ ગ્રાસ્પિંગ પ્રોસેસના આધારે તૈયાર કરેલા **110થી વધુ ચાર્ટ, માઇન્ડ-મેપ** અને **ડાયાગ્રામ** દ્વારા માહિતીની સરળ સમજૂતી.

ADAJAN 99094 39795 | VARACHHA 83479 30810 | VYARA 74348 39380 | CHIKHLI 99094 39622

Join us : YouTube / Yuva Upnishad Foundation

63. આપેલ આકૃતિમાં કેટલા ત્રિકોણ આવેલા છે?



(A) 15 (B) 16
(C) 17 (D) 18

64. 3:40 કલાકે મિનિટ કાંટા અને કલાક કાંટા વચ્ચેનો ખૂણો કેટલા અંશનો હશે ?

(A) 140 (B) 150
(C) 130 (D) 120

65. અલગ પડતી જોડ શોધો ?

(A) દહીં–દૂધ (B) ચંપલ–ચામડું
(C) મગફળી–તેલ (D) ખાંડ–શેરડી

66. આપેલ શબ્દને મુળાક્ષરોના ક્રમ પ્રમાણે ગોઠવો.

(1)INTERANAL (2)INSECT (3)INCOME (4)INTERN (5) INSIDE


(A) 3,2,5,4,1 (B) 3,4,5,2,1
(C) 4,5,1,3,2 (D) 3,1,2,4,5

67. એક વ્યકિત તેની કાર પૂર્વ દિશામાં 50 કિ.મી ચલાવે છે. તે જમણી બાજુ વાળીને 30 કિ.મી. જાય છે. તે પછી પશ્ચિમ દિશામાં વળીને 10 કિ.મી. જાય છે. તો તે પ્રારંભથી કેટલા કિ.મી દૂર છે?

(A) 20 કિ.મી (B) 50 કિ.મી
(C) 100 કિ.મી (D) 60 કિ.મી

68. અલગ આકૃતિ શોધો?

A B C D



(A) A (B) B
(C) C (D) D

ગુજરાતી ભાષા

69. સમાનાર્થી શબ્દોની ખોટી જોડ હોય તે વિકલ્પ કયો છે ?

(A) ખોભણ–ગુફા (B) અનરવો–હિંમતવાન
(C) અડવડિયું–લથડિયું (D) આર્દ્રતા–મૃદુતા

પ્રશ્નોના જવાબ સમજૂતી સાથે

63.ANS. (C) EX. અહીં આપેલ આકૃતિમાં Δ ABD, Δ ACB, ΔACD, ΔAGB, ΔAGD, ΔGDE, ΔGFB, ΔGBD, ΔGFE, ΔGCD, ΔGCB, ΔGEH, ΔGFH, ΔBED, ΔBEF, ΔDEF, ΔDFB,
∴ કુલ 17 ત્રિકોણ બને છે.

64. ANS. (C) EX. $\theta = \left|\frac{60H-11M}{2}\right|$

$= \left|\frac{60\times 3-11\times 40}{2}\right|$

$= \left|\frac{180-440}{2}\right|$

$= \left|\frac{-260}{2}\right|$

$= |-130|$


"| |" રહેલ જવાબ બહાર લખતા '–' (ઋણ)ની નિશાની નાબુદ થાય છે.

∴ θ = **130**

65.ANS. (C) EX. વિકલ્પો ચકાસતા,
(A) દહીં–દૂધ → દૂધમાંથી દહીં બને.
(B) ચંપલ–ચામડું → ચામડામાંથી ચંપલ બને.
(C) મગફળી–તેલ → તેલમાંથી મગફળી ન બને
(D) ખાંડ–શેરડી → શેરડીમાંથી ખાંડ બને.
∴ જવાબ = મગફળી–તેલ

66.ANS. (A) EX.

67.ANS. (B) EX



∴ $AC^2 = AB^2 + BC^2$
∴ $AC = \sqrt{AB^2 + BC^2}$
$= \sqrt{30^2 + 40^2}$
$= \sqrt{900 + 1600} = \sqrt{2500}$
∴ AC = 50 km

Short Trick :

(∵પાયથાગોરસની ત્રિપુટી મુજબ)
3 4 5
તેમનો 10 વડે ગુણાકાર કરતાં,
30 40 50
∴ Ans = 50

68.ANS. (D) EX. અહીં દર્શાવેલ તમામ આકૃતિઓ સમાન ભાગમાં દર્શાવેલછે. આથી તે અન્ય આકૃતિથી અલગ પડે છે.

69.ANS. (B) EX. અનરવો–હિંમતવાન
અનરવો : હિંમત વગરનો, નબળો
હિંમતવાન : બહાદુર

DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

80. છત્રી પર નામ–સરનામું લખવાનો ઉપાય ખરેખર કારગત નીવડયો. – વાકયમાં રેખાંકિત કરેલ શબ્દ 'ખરેખર' ક્રિયાવિશેષણનો કયો પ્રકાર છે ?
(A) અભિગમવાચી ક્રિયા વિશેષણ
(B) સમયવાચક ક્રિયા વિશેષણ
(C) રીતિવાચક ક્રિયા વિશેષણ
(D) સ્થાનવાચક ક્રિયા વિશેષણ

81. મારો હંસલો નાનો ને દેવળ જૂનું રે થયું. – અલંકાર ઓળખાવો.
(A) વ્યકિતરેક અલંકાર (B) અતિશયોકિત અલંકાર
(C) રૂપક અલંકાર (D) ઉપમા અલંકાર

82. નીચેનામાંથી .....કર્મધારય સમાસનું ઉદાહરણ છે.
(A) તકસાધુ (B) કલ્પવૃક્ષ
(C) પંચામૃત (D) પરમેશ્વર

83. તમારાથી વડીલો સામે ઊંચા અવાજે ન બોલાય.– વાકયનો પ્રકાર ઓળખો.
(A) કર્તરિ (B) કર્મણિ
(C) ભાવે (D) પ્રેરક

84. સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી, ચણાયેલ ઈમારત એના નકશામાં નથી હોતી. આ કાવ્યનો પ્રકાર જણાવો.
(A) દુહા (B) મુકતક
(C) હાઈકુ (D) સોનેટ

85. "હરીનો મારગ છે શૂરાનો" પદ રચના કોની છે ?
(A) કવિ પ્રીતમદાસ (B) મણિશંકર રત્નજી ભટ્ટ
(C) દામોદર ખુશાલદાસ બોટાદકર (D) નરસિંહ મહેતા

અંગ્રેજી ભાષા

86. Most students have brought their homework..... of them have not completed it yet.
(A) None (B) Few
(C) Each (D) A little

પ્રશ્નોના જવાબ સમજૂતી સાથે

80. ANS. (A) EX. અભિગમવાચી ક્રિયા વિશેષણ
- ઉપરોકત વાકયમાં 'ખરેખર' શબ્દ અભિગમ વાચી ક્રિયા વિશેષણ દર્શાવે છે.
- ક્રિયાપદની સાથે તેના અર્થમાં વિશેષતા દર્શાવા માટે જે પદ આવે તેને ક્રિયા વિશેષણ કહે છે.
- સમયવાચક ક્રિયાવિશેષણ : જે શબ્દ ક્રિયાનો સમય દર્શાવે તેને સમયવાચક ક્રિયાવિશેષણ કહેવાય. જેમ કે, હંમેશા, વારંવાર, હવે, આજે, કાલે, સવારે
- રીતિવાચક ક્રિયાવિશેષણ : વાકયમાં જે શબ્દ ક્રિયા થવાની રીત સુચવે તેને રીતિવાચક ક્રિયાવિશેષણ કહે છે. જેમ કે, ધીમે, ઝડપથી, ફટાફટ, તરત, હળવે, અચાનક
- સ્થાનવાચક ક્રિયાવિશેષણ : જે શબ્દ વાકયમાં ક્રિયાનું સ્થાન દર્શાવે તેને સ્થાનવાચક ક્રિયાવિશેષણ કહે છે. જેમ કે, નજીક, દુર, બાજુમાં, ઉપર, નીચે, આગળ, પાછળ, સામે, અંદર, બહાર, પાસે

81. ANS. (B) EX. અતિશયોકિત અલંકાર
- વ્યકિતરેક અલંકાર : જયારે ઉપમેયને ઉપમાન કરતા ચડિયાતું બતાવવામાં આવે ત્યારે વ્યતિરેક અલંકાર બને છે.
- અતિશયોકિત અલંકાર : જયારે કોઈ હકીકતને વાસ્તવિકતાની હદ વટાવીને રજુ કરવામાં આવે ત્યારે અતિશયોકિત અલંકાર બને છે.
- રૂપક અલંકાર : જયારે ઉપમેય અને ઉપમાન વચ્ચે એકરૂપતા દર્શાવવામાં આવે ત્યારે રૂપક અલંકાર બને છે.
- ઉપમા અલંકાર : જયારે ઉપમેયની સરખામણી ઉપમાન સાથે કરવામાં આવે ત્યારે ઉપમા અલંકાર બને છે.

82. ANS. (D) EX. પરમ + ઈશ્વર = પરમેશ્વર
'પરમ' એ વિશેષણ છે જે 'ઈશ્વર' નામનાપદની વિશેષતા દર્શાવે છે. જ્યારે એકપદ વિશેષણ તરીકે અને બીજું પદ વિશેષ્ય (નામ) તરીકે હોય, તે કર્મધારય સમાસ બને છે.

83. ANS. (C) EX. ભાવે
- જે વાકય રચનાના કેન્દ્રમાં કર્તા કે કર્મ પદ બંનેમાંથી કોઈની પ્રધાનતા ના હોય ત્યારે તેમાં ક્રિયાની પ્રધાનતા જોવા મળે છે. આવી વાકય રચનાને ભાવે વાકય રચના કહેવાય છે.
- કર્તરિ : જે વાકયમાં કર્તાની પ્રધાનતા દર્શાવવામાં આવી હોય તેને કર્તરિ વાકય કહેવાય છે.
- કર્મણિ : જે વાકયમાં કર્મની પ્રધાનતા દર્શાવવામાં આવી હોય તેને કર્મણિ વાકય કહેવાય છે.
- પ્રેરક : ક્રિયાપદમાં જયારે કોઈ ક્રિયા કરવા માટે પ્રેરવાનો અર્થ દર્શાવાયો હોય ત્યારે પ્રેરક વાકયરચના બને છે.

84. ANS. (B) EX. મુકતક એ ટુંકું કાવ્ય સ્વરૂપ છે, જેનો અર્થ એક જ શ્લોક કે પંકિતમાં રજૂ થતો સ્વતંત્ર કાવ્યખંડ છે. જેમાં સામાન્ય ચાર પંકિતઓ હોય છે.

85. ANS. (A) EX. કવિ પ્રીતમ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના પ્રમુખ ભકત કવિ હતા. તેમણે જ્ઞાન અને ભકિત બંને માર્ગની કવિતાઓ રચીને ગુજરાતી સાહિત્યમાં અનોખું સ્થાન બનાવ્યું છે.

86. ANS. (B) EX. ઘણા વિદ્યાર્થીઓ ગૃહકાર્ય કરી લાવ્યા છે પરંતુ થોડા (Few) વિદ્યાર્થીઓ ગૃહકાર્ય કરી લાવ્યા નથી.

DEMO COPY

YUVA UPNISHAD PUBLICATION

4th COLOR EDITION 2027

સામાન્ય વિજ્ઞાન

વર્ણનાત્મક સ્વરૂપે

જીવ વિજ્ઞાન | રસાયણ વિજ્ઞાન | ભૌતિક વિજ્ઞાન

કેન્દ્ર તથા રાજ્ય સરકારની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી

Amazon.in ની વિવિધ શ્રેણીમાં પુસ્તકે મેળવેલા Top Ranks




FREE BOOK



વનલાઇનર તથા હેતુલક્ષી પ્રશ્નો સ્વરૂપે

રંગીન પુસ્તક



PDF ડેમો કોપી ટેલિગ્રામ ચેનલ પર ઉપલબ્ધ

પુસ્તક પરિચયનો વીડિયો અમારી Youtube ચેનલ પર ઉપલબ્ધ છે.

YUVA UPNISHAD FOUNDATION Watch Us On YouTube

પુસ્તકની વિશેષતાઓ

- જીવ વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને ભૌતિક વિજ્ઞાનની પાયાની માહિતી તથા સરળ સ્વરૂપે રજૂઆત કરતું રંગીન વર્ણનાત્મક પુસ્તક.
- રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર (GCERT અને NCERT) દ્વારા વર્ષ 2026 માં પ્રકાશિત નવા અને જુના પાઠ્યપુસ્તકો તથા વિવિધ આધારભૂત સ્ત્રોત આધારિત પરીક્ષાલક્ષી વિષય વસ્તુની વર્ણનાત્મક રજૂઆત.
- પોલીસ કોન્સ્ટેબલ, CCE (Group A-B), રેવન્યુ તલાટી વગેરે જેવી વર્ગ-3ની પરીક્ષાના નવા અભ્યાસક્રમ અનુસાર સામાન્ય વિજ્ઞાન વિષયનો 31 પ્રકરણોમાં સમાવેશ કરતું પુસ્તક.
- સામાન્ય વિજ્ઞાન વિષયની ચતુર્થ સંશોધિત આવૃત્તિમાં સમાવિષ્ટ દરેક પ્રકરણોનું પુનઃલેખન તેમજ વર્તમાન પ્રવાહના મુદ્દાઓનો પ્રકરણવાર સંલગ્ન મુદ્દાઓ સાથે સમાવેશ.
- 150થી વધુ રોજબરોજના જીવનમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીને લગતા મુદ્દાઓનો પ્રકરણવાર સમાવેશ.
- આ પુસ્તક સાથે સામાન્ય વિજ્ઞાન વિષયને લગતા વનલાઇનર, અગાઉના પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નો (PYQs) અને મહાવરા માટેના પ્રશ્નોત્તરનો સમાવેશ કરતું પુસ્તક ફ્રીમાં આપવામાં આવશે.
- મહત્વની બાબતોની મેમરી ટેકનિક અને માઇન્ડ ગ્રાસ્પિંગ પ્રોસેસના આધારે તૈયાર કરેલા 160 આકૃતિઓ, 150થી વધુ ટેબલ તથા 35થી વધુ ચાર્ટ દ્વારા સરળ રજૂઆત.

ADAJAN 99094 39795 | VARACHHA 83479 30810 | VYARA 74348 39380 | CHIKHLI 99094 39622

Join us : YouTube / Yuva Upnishad Foundation

TAT-HS

શિક્ષક અભિરુચિ કસોટી

(ઉચ્ચતર માધ્યમિક)

DEMO COPY

1. શિક્ષક અભિરુચિ કસોટી(TAT-HS) 06/08/2023
2. શિક્ષક અભિરુચિ કસોટી(TAT-HS) 28/10/2018
3. શિક્ષક અભિરુચિ કસોટી(TAT-HS) 25/05/2014
4. શિક્ષક અભિરુચિ કસોટી(TAT-HS) 18/12/2014

શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચતર માધ્યમિક)

TAT (HS) ધોરણ 11 થી 12

કુલ પ્રશ્નો : 100 | કુલ ગુણ : 100

તારીખ : 06-08-2023

સામાન્ય જ્ઞાન

1. 'સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓના રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની જોગવાઈ ભારતના સંવિધાનની કઈ કલમમાં દર્શાવવામાં આવી છે ?
   (A) 51. ક (ક) (B) 51. ક (છ)
   (C) 51. ક (ડ) (D) 51. ક (ગ)
2. ભારતીય સંવિધાનના ભાગ – 4માં 'રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની જોગવાઈ કઈ કલમથી કયાં સુધીની કલમમાં કરવામાં આવેલ છે ?
   (A) 36 થી 45 (B) 35 થી 48
   (C) 34 થી 50 (D) 36 થી 51
3. દરિયાના જળનું ઘનત્વ (Density) વધતું જાય છે, તેમ તેમ.....
   (A) ઉંડાણ અને ખારાશ ઘટે છે.
   (B) ઉંડાણ વધે છે અને ખારાશ ઘટે છે.
   (C) ઉંડાણ ઘટે છે અને ખારાશ વધે છે.
   (D) ઉંડાણ અને ખારાશ વધે છે.
4. ભારતની પ્રાચીનતમ ફુટબોલ ટૂર્નામેન્ટ કઈ છે ?
   (A) સંતોષ ટ્રોફી (B) ડૂરંડ કપ
   (C) રોવર્સ કપ (D) આઈ. એફ. એ. શીલ્ડ
5. હડપ્પા સંસ્કૃતિના પ્રમુખ સ્થળ 'લોથલ'ની શોધ કોણે કરી હતી?
   (A) વી.ડી. શર્મા (B) યજ્ઞદત્ત શર્મા
   (C) એસ. આર. રાવ (D) પ્રો. સુરજભાન
6. વધારે મહેસુલ પ્રાપ્તિ માટે કરવેરા ઉઘરાવવાના સંદર્ભમાં વિકાસના હેતુથી કયા કાળને પ્રમુખ માનવામાં આવે છે ?
   (A) મૌર્યકાળ (B) ઉત્તર વૈદિકકાળ
   (C) ગુપ્તકાળ (D) છઠ્ઠી શતાબ્દિ ઈસ્વી. પૂર્વ

DEMO COPY
PRATIYOGITA PUBLICATION

પ્રશ્નોના જવાબ સમજૂતી સાથે

1. ANS. (A) EX. ભારતના સંવિધાનમાં ભાગ 4(A) (કલમ 51 ક) માં નાગરિકોના કર્તવ્યોનો ઉલ્લેખ થયો છે. કલમ 51 ક(ક) મુજબ દરેક નાગરિકનું કર્તવ્ય છે કે તે સંવિધાનનું પાલન કરે અને રાષ્ટ્રધ્વજ તથા રાષ્ટ્રગીતને આદર આપે.
   મૂળભૂત ફરજોની જોગવાઈ રશિયાના બંધારણથી પ્રેરીત સરદાર સ્વર્ણસિંહ કમિટીની ભલામણથી 42મા બંધારણીય સુધારા 1976 દ્વારા ઉમેરવામાં આવી હતી. વર્મા કમિટિની ભલામણથી 3 **જાન્યુઆરીને મૂળભૂત ફરજ દિવસ** તરીકે જાહેર કરવામાં આવેલ છે.
2. ANS. (D) EX. 36 થી 51 અનુચ્છેદમાં દર્શાવવામાં આવ્યું છે કે 'રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો મુખ્ય ઉદ્દેશ્ય દેશમાં સામાજીક અને આર્થિક લોકશાહી સ્થાપિત કરવાનો અને કલ્યાણકારી રાજયનું નિર્માણ કરવાનો છે. આ સિદ્ધાંતો આર્યલેન્ડના બંધારણથી પ્રેરીત તેજબહાદુર સપ્રુ સમિતિની ભલામણોથી બંધારણમાં દાખલ કરાયા છે.
3. ANS. (D) ઉંડાણ અને ખારાશ વધે છે.
4. ANS. (B) EX. ભારતની પ્રાચીનત્તમ ફૂટબોલ ટૂર્નામેન્ટ ડૂરાન્ડ કપ છે. તેની શરૂઆત 1888માં શિમલામાં કરવામાં આવી હતી અને તે એશિયાની સૌથી જુની અને વિશ્વની ત્રીજી સૌથી જૂની ફૂટબોલ ટૂર્નામેન્ટ છે.
   જેનું આયોજન **ડૂરાન્ડ ફૂટબોલ ટૂર્નામેન્ટ સોસાયટી** (DFTS) દ્વારા કરવામાં આવે છે.
5. ANS. (C) EX. ગુજરાતના અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના સરગવાલા ગામ નજીક આવેલું 'લોથલ' ની શોધ 1954-55માં પુરાતત્વવિદ એસ. આર. રાવ (શિકારીપુરા રંગનાથ રાવ) દ્વારા કરવામાં આવી હતી.
   લોથલ ખાતે વિશ્વનું સૌથી જુનુ ડોકયાર્ડ(બંદર) મળ્યું છે, જે સમુદ્રી વેપારનું પુરાવો આપે છે.
6. ANS. (A) EX. મૌર્યકાળ દરમિયાન રાજયની આવકના મુખ્ય સ્ત્રોત જમીનકર અને વેપારકર વગેરે હતા. ચાણકયના અર્થશાસ્ત્રમાં કરવેરા વ્યવસ્થાનો ઉલ્લેખ કરેલ છે.
   આ આવકનો ઉપયોગ સૈન્ય, જાહેર વ્યવસ્થા અને નગર વિકાસના કાર્યો માટે કરવામાં આવતો હતો.

YUVA UPNISHAD PUBLICATION

ગુજરાતમાં સ્પર્ધાત્મક પરીક્ષા માટે ખરેખર સૌથી વધુ વંચાતું અને લોકપ્રિય પ્રકાશન

ગુજરાતી ભાષામાં સૌપ્રથમવાર

NCERT - GCERT Series

4 આધારભૂત સ્ત્રોતો આધારિત

ધો. 6 થી 12 આધારિત

(NEW & OLD)
NCERT
નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ

GCERT | TNTESC | NIOS



ધો. 6 થી 12 આધારિત

NCERT

અને **GCERT**

DESCRIPTIVE

વર્ણનાત્મક સ્વરૂપે

NCERT Part-1 | NCERT Part-2 | NCERT Part-3





PART-1 ઇતિહાસ, ભૂગોળ, સાંસ્કૃતિક વારસો

PART-2 અર્થતંત્ર, પર્યાવરણ

PART-3-A સામાન્ય વિજ્ઞાન, વિજ્ઞાન & ટેકનોલોજી

PART-3-B ભારતીય બંધારણ અને રાજ્યવ્યવસ্থા

4 in 1

NCERT/ GCERT

- અગાઉની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નો **PYQs**
- મહાવરા માટેના પ્રશ્નો

ADAJAN 99094 39795 | VARACHHA 83479 30810 | VYARA 74348 39380 | CHIKHLI 99094 39622

Follow us on : / Yuva Upnishad Foundation

7. 'વિશ્વ વસતી દિન' કયારે ઉજવવામાં આવે છે ?
   (A) 11 ઓગસ્ટ (B) 11 ઓકટોબર
   (C) 11 જુન (D) 11 જુલાઈ
8. આગામી ઓલીમ્પીક કઈ જગ્યાએ યોજાનાર છે ?
   (A) જાપાન (ટોકયો) (B) ચીન (શાંઘાઈ)
   (C) ફ્રાન્સ (પેરીસ) (D) ઈંગ્લેન્ડ (લંડન)
9. ભારતનું કયું નગર 'સિલિકોન વેલી' તરીકે જાણીતું બન્યું છે ?
   (A) દિલ્લી (B) મુંબઈ
   (C) કલકત્તા (D) બેંગલુરૂ
10. હાલમાં ગુજરાતમાં વર્લ્ડ બેંકના વડા તેમજ અમેરીકાના ટ્રેઝરી સેક્રેટરીએ નીચે પૈકી કઈ શૈક્ષણિક સંસ્થાની મુલાકાત લીધી હતી ?
    (A) જી.સી.ઈ.આર.ટી. (B) વિદ્યા સમીક્ષા કેન્દ્ર
    (C) ગુજરાત યુનિવર્સિટી (D) આયુર્વેદ યુનિવર્સિટી
11. કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી 'વિદ્યાંજલિ' યોજના શાના માટે છે ?
    (A) વાંચન વિકસાવવા માટેની યોજના
    (B) શાળા પુસ્તકાલય સમૃદ્ધ બનાવવા પુસ્તક દાન માટેની યોજના
    (C) શાળાની વિવિધ શૈક્ષણિક પ્રક્રિયામાં રસ ધરાવતાં સમાજના વ્યકિતઓ માટે શિક્ષણ દાન માટેની યોજના
    (D) નબળા બાળકોને દત્તક લઈ સઘન શિક્ષણ આપવાની યોજના

શિક્ષક અભિયોગ્યતા

12. પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ માટે લંબાવેલી મુદત, શાળાના શૈક્ષણિક વર્ષ શરૂ થયાથી કેટલા મહિના સુધીની રહેશે ?
    (A) 5 મહિના (B) 3 મહિના (C) 9 મહિના (D) 6 મહિના
13. "વાસ્તવના સ્વરૂપનું તાર્કિક અન્વેષણ એ તત્વજ્ઞાન છે." – આ આ વ્યાખ્યા કોણે આપી છે ?
    (A) ડો. રાધાકૃષ્ણન્ (B) મહર્ષિ અરવિંદ
    (C) રવિન્દ્રનાથ ટાગોર (D) જે. કૃષ્ણમૂર્તિ
14. રાષ્ટ્રીય શિક્ષણનીતિ–2020માં સામાજિક અને આર્થિક રીતે પછાત વિસ્તારો માટે વિદ્યાર્થીઓ અને શિક્ષકનો રેશિયો કેટલો નિર્ધારિત કરેલ છે?
    (A) 30:1 (B) 35:1 (C) 25:1 (D) 20:1
15. રાષ્ટ્રીય શિક્ષણનીતિ–2020માં નેશનલ કયુરીકયુલમ ફ્રેમવર્કને કેટલા વર્ષમાં રીવાઈઝડ અને અદ્યતન રાખવાની ભલામણ કરવામાં આવેલ છે?
    (A) પાંચ વર્ષ (B) ત્રણ વર્ષ
    (C) આઠ વર્ષ (D) પ્રતિ વર્ષ

પ્રશ્નોના જવાબ સમજૂતી સાથે

7. ANS. (D) EX. 11 જુલાઈ, 1987ના રોજ વિશ્વની વસ્તી 5 અબજ પહોંચી હતી. જેના ભાગરૂપ UNSECO દ્વારા વર્ષ 1990થી દર વર્ષે 11 જુલાઈને World Population Day તરીકે મનાવવામાં આવે છે. આ દિવસનો હેતુ વસ્તી વિષયક મુદ્દાઓ પ્રત્યે લોકોની જાગૃતિ વધારવાનો છે.

8. ANS. (C) EX. 2024નું સમર ઓલિમ્પિક પેરીસ ફ્રાન્સમાં આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષ 2028માં સમર ઓલિમ્પિક અમેરિકાના લોસ એન્જલસ ખાતે અને વિન્ટર ઓલિમ્પિક ઈટાલીમાં યોજાશે. ઓલિમ્પિકનું આયોજન દર 4 વર્ષે થાય છે.

9. ANS. (D) EX. જેવી રીતે અમેરિકાનું સિલિકોન વેલી IT ક્ષેત્રે પ્રખ્યાત છે. તેવી જ રીતે ભારતમાં બેંગલુરૂ IT ક્ષેત્રે પ્રખ્યાત હોવાથી તેને સિલિકોન વેલી તરીકે ઓળખવામાં આવે છે.

10. ANS. (B) EX. ગુજરાતમાં ગાંધીનગરમાં આવેલું વિદ્યા સમીક્ષા કેન્દ્ર એ ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે થયેલા સુધારાઓ અને ટેકનોલોજીનો ઉપયોગ કરી ને શિક્ષણનું મોનિટરીગ કરવા માટેનું સ્થળ છે.

11. ANS. (C) EX. વિદ્યાંજલી યોજના સપ્ટેમ્બર, 2021 અંતર્ગત સમાજના સ્વયંસેવકો, નિવૃત શિક્ષકો, વ્યવસાયિકો વગેરે શાળામાં જઈને શિક્ષણ સેવા આપી શકે છે. તેનો હેતુ સમાજની ભાગીદારી વધારવાનો છે.

12. ANS. (D) EX. રાઈટ ટુ એજ્યુકેશન (RTE) એક્ટ અનુસાર, જો કોઈ બાળક શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં પ્રવેશ મેળવી ન શકે, તો તેને શૈક્ષણિક વર્ષ શરૂ થયાના 6 મહિના સુધી પ્રવેશ માટે લંબાવેલી મુદત આપવામાં આવે છે. આ જોગવાઈનો હેતુ એ છે કે કોઈ પણ બાળક શિક્ષણના અધિકારથી વંચિત ન રહે.

13. ANS. (A) EX. **ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન્** પ્રસિદ્ધ તત્વજ્ઞાની હતા તેમને તત્વજ્ઞાનને વાસ્તવિકતાના સ્વરૂપનું તાર્કિક અને ગહન અન્વેષણ તરીકે વ્યાખ્યાયિત કર્યું.આથી તત્વજ્ઞાન માત્ર ધાર્મિક કે કલ્પનાત્મક નહીં, પરંતુ વિચારપ્રધાન અને વૈજ્ઞાનિક અભ્યાસ છે.

14. ANS. (D) EX. ફાઈનલ આન્સર કી મુજબ જવાબ (D) આપેલ છે. પરંતુ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020 મુજબ જવાબ (C) 25 : 1 આવે છે.

15. ANS. (A) EX. આ નીતિ ખાસ કરીને પાંચ વર્ષના સમયગાળામાં સમીક્ષા ચક્ર સૂચવે છે. આ સુનિશ્ચિત કરે છે કે અભ્યાસક્રમ સુસંગત, ભવિષ્યલક્ષી, અને વૈશ્વિક ધોરણો સાથે સુસંગત રહે, જ્યારે તે સાંસ્કૃતિક રીતે પણ મૂળભૂત હોય.

DEMO COPY NOT FOR PUBLICATION

49. શિક્ષણમાં વિવિધ અભ્યાસક્રમો ટેક્નોલોજીના માધ્યમથી વિદ્યાર્થીઓ સુધી પહોચાડવામાં ઉપયોગમાં આવતું પ્લેટફોર્મ DIKSHA એટલે.....
(A) Digital Infrastructure for Knowledge Sharing
(B) Digital Initiative for Knowledge Sharing
(C) Digital Interactive for Knowledge Sharing
(D) Digital Interface for Knowledge Sharing

50. ધોરણ–11 અને ધોરણ–12 ના NCERT આધારિત અભ્યાસક્રમ માટે SWAYAM MOOCS ના જુદાં જુદાં ઓનલાઈન કોર્સનું નિર્માણ થયેલ છે. MOOC ને નીચેનામાંથી કયા નામથી ઓળ ખવામાં આવે છે ?
(A) Module open online courses
(B) Massive open online courses
(C) Mathematics open online courses
(D) Management open online courses

51. બ્લુમ ટેકસોનોમીના મુખ્ય ત્રણ સુત્રોમાં નીચેનામાંથી કયા મુખ્યક્ષેત્રનો સમાવેશ થતો નથી ?
(A) જ્ઞાનત્મક (Cognitive)
(B) ભાવાત્મક (Affective)
(C) ક્રિયાત્મક (Psyehomotor)
(D) અનુભવાત્મક (Experiential)

52. રચનાત્મક મૂલ્યાંકનના સંદર્ભમાં નીચેનામાંથી શું સાચું નથી.
(A) રચનાત્મક મૂલ્યાંકન એ વર્ગખંડ શિક્ષણનો એકભાગ છે.
(B) રચનાત્મક મૂલ્યાંકન શિખવાની પ્રક્રિયા પર ભાર મૂકે છે.
(C) રચનાત્મક મૂલ્યાંકન માટે અવલોકન, પ્રશ્નોતરી, વર્કસીટ, પ્રોજેકટ જેવી પદ્ધતિઓનો ઉપયોગ થાય છે.
(D) રચનાત્મક મૂલ્યાંકન નિર્ધારિત પાઠયક્રમને ઉપયોગ કરીને ઔપચારિક રીતે કરવામાં આવે છે.

તાર્કિક અભિયોગ્યતા અને ગણિત

53. $Z = 3M - 2\bar{X}$ આ સૂત્ર દ્વારા શું શોધી શકાય છે ?
(A) મધ્યક
(B) વિચલન
(C) મધ્યસ્થ
(D) બહુલક

54. પાંચ લાકડી A, B, C, D અને S છે. A, B થી નાની પણ S થી લાંબી છે. C તેમાં સૌથી લાંબી છે. D, B થી થોડી નાની અને A થી થોડી મોટી છે. લાકડીને લંબાઈના ઉતરતા ક્રમમાં ગોઠવતા ચોથા ક્રમે કઈ લાકડી આવશે?
(A) A
(B) B
(C) S
(D) D

પ્રશ્નોના જવાબ સમજૂતી સાથે

49. ANS. (A) EX. DIKSHA નું પૂરું નામ Digital Infrastructure for Knowledge Sharing છે. આ પ્લેટફોર્મ ભારતના શિક્ષણ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલ એક રાષ્ટ્રીય પોર્ટલ છે, જે વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ગુણવત્તાયુકત શૈક્ષણિક સામગ્રી ડિજિટલ સ્વરૂપમાં ઉપલબ્ધ કરાવે છે. તેનો મુખ્ય હેતુ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને શિક્ષણને વધુ સુલભ અને અસરકારક બનાવવાનો છે.

50. ANS. (B) EX. MOOC નું પૂરું નામ Massive Open Online Course છે. આ ઓનલાઈન કોર્સ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ માટે ખુલ્લા અને મફત ઉપલબ્ધ હોય છે.
SWAYAM એ ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ એક ઓનલાઈન પ્લેટફોર્મ છે જે MOOCs નો ઉપયોગ કરીને ધોરણ–11 અને ધોરણ–12 ના વિદ્યાર્થીઓ માટે NCERT આધારિત અભ્યાસક્રમો પ્રદાન કરે છે. આ પ્લેટફોર્મ દ્વારા વિદ્યાર્થીઓ ગમે ત્યાંથી અને ગમે તે સમયે શીખી શકે છે.

51. ANS. (D) EX. બેન્જામિન બ્લૂમ (Benjamin Bloom) દ્વારા રજૂ કરાયેલી બ્લૂમની ટેક્સાનોમીમાં મુખ્ય ત્રણ શૈક્ષણિક ઉદ્દેશોનો સમાવેશ થાય છે :
1. જ્ઞાનાત્મક ક્ષેત્ર (Cognitive Domain) : જ્ઞાન, સમજણ અને વિચારશકિતનો વિકાસ.
2. ભાવાત્મક ક્ષેત્ર (Affective Domain) : લાગણીઓ, વલણ અને મૂલ્યોનો વિકાસ.
3. ક્રિયાત્મક ક્ષેત્ર (Psychomotor Domain) : શારીરિક અને મોટર કૌશલ્યોનો વિકાસ.

52. ANS. (D) EX. રચનાત્મક મૂલ્યાંકન (Formative Assessment) એ એક સતત અને અનૌપચારિક પ્રક્રિયા છે, જેનો હેતુ અધ્યાપન–અધ્યયન પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીની પ્રગતિને સુધારવાનો છે. તે વર્ગખંડ શિક્ષણનો એક અભિન્ન ભાગ છે. તે શીખવાની પ્રક્રિયા પર ભાર મૂકે છે. તેમાં અવલોકન, પ્રશ્નોત્તરી, વર્કશીટ, પ્રોજેક્ટ જેવી પદ્ધતિઓનો ઉપયોગ થાય છે.

53. ANS. (GRACE) નોંધ : ફાઈનલ આન્સર કી મુજબ આ પ્રશ્નમાં ગ્રેસિંગ માર્કસ આપવામાં આવે છે.

54. ANS. (A) EX. અહીં, કુલ પાંચ લાકડી A, B, C, D અને S છે.
A, B થી નાની પણ S થી લાંબી = B > A > S
D, B થી થોડી નાની અને A થી થોડી મોટી છે = B > D > A
C સૌથી લાંબી છે.
∴ C > B > D > <u>A</u> > S

DEMO COPY PUBLICATION

YUVA UPNISHAD PUBLICATION

ગુજરાતમાં સ્પર્ધાત્મક પરીક્ષા માટે ખરેખર
સૌથી વધુ વંચાતું અને લોકપ્રિય પ્રકાશન

1st EDITION 2026-27

20 GSET પ્રશ્નપત્રો

YEAR 2002 - 2025

GUJARAT STATE ELIGIBILITY TEST

અધ્યાપન (શિક્ષણ) અને સંશોધન અભિયોગ્યતા જનરલ પેપર - 1

ગાણિતિક અભિયોગ્યતા અને
તાર્કિક પ્રશ્નોની સરળ સમજૂતી

અભ્યાસક્રમ મુજબ અગાઉની પરીક્ષાના
પ્રશ્નપત્રોનું એકમવાર વર્ગીકરણ

1070 PYQs
વિસ્તૃત સમજૂતી સાથે સમાવેશ

GSET, UGC NET, JRF તેમજ વિવિધ Ph.D. પ્રવેશ પરીક્ષા માટે ઉપયોગી પુસ્તક

Amazon.inની વિવિધ શ્રેણીમાં પુસ્તકે મેળવેલા Top Ranks

1 RANK	1 RANK	4 RANK	6 RANK	9 RANK
GP 8C Category	GP 6C Category	SP 8E Category	SP 8E Category	Government Exam



PDF ડેમો કોપી ટેલિગ્રામ ચેનલ પર ઉપલબ્ધ

પુસ્તક પરિચયનો વીડિયો અમારી
Youtube ચેનલ પર ઉપલબ્ધ છે.

Watch Us On YouTube

YUVA UPNISHAD FOUNDATION

મુખ્ય વિશેષતાઓ

- ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા દ્વારા વર્ષ **2002** થી વર્ષ **2025** સુધી ગુજરાત રાજ્ય માટે લેવાયેલ **GSET (ગુજરાત સ્ટેટ એલિજીબિલિટી ટેસ્ટ)** પરીક્ષાના **20 પ્રશ્નપત્રો**નો સમાવેશ.
- G S E T ઉપરાંત રાષ્ટ્રીય કક્ષાએ કોલેજ/ યુનિવર્સિટીમાં સહાયક અધ્યાપક બનવા માટે **N T A** દ્વારા લેવાતી **U G C નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ (NET), જુનિયર રિસર્ચ ફેલોશીપ (JRF) તથા વિવિધ Ph.D પ્રવેશ પરીક્ષા** માટે ઉપયોગી થતું પુસ્તક.
- વિદ્યાર્થીઓની સરળતા માટે **20** પ્રશ્નપત્રોના **1070 પ્રશ્નોત્તર (PYQs)** નો અભ્યાસક્રમ મુજબ **10 એકમો**માં વર્ગીકરણ.
- **અધ્યાપન તથા સંશોધન અભિયોગ્યતા, પ્રત્યાયન, માહિતી તથા પ્રત્યાયન પ્રૌદ્યોગિકી (ICT), લોકો (સમાજ) વિકાસ અને પર્યાવરણ તેમજ ઉચ્ચ શિક્ષણ પ્રણાલી** જેવા વિષયોના પ્રશ્નોની **વિગતવાર સરળ સમજુતી**નો સમાવેશ.
- **ગાણિતિક અભિયોગ્યતા, તાર્કિક તર્ક** (તર્કસંગત દલીલો) **તથા માહિતીનું અર્થઘટન** (Data Interpretation) જેવા એકમોના પ્રશ્નોની **સરળ સમજુતી અને શોર્ટટ્રીક**નો સાથે સમાવેશ.
- **પ્રશ્નોને સંલગ્ન અગત્યના તથ્યો (Facts)**ની વિસ્તૃત માહિતીનો સમાવેશ.
- વિદ્યાર્થીઓને GSETની તૈયારીમાં સરળતા રહે તે માટે **પરીક્ષા પદ્ધતિ, માળખું** અને **વિસ્તૃત અભ્યાસક્રમ**નો પણ સમાવેશ.
- આ પુસ્તકમાં સામેલ પ્રશ્નોને સંલગ્ન **વર્તમાન પ્રવાહ**ની માહિતીનો સમાવેશ.

ADAJAN 99094 39795
VARACHHA 83479 30810
VYARA 74348 39380
CHIKHLI 99094 39622

Join us : YouTube / Yuva Upnishad Foundation


55. P, Q, R, S, T, V, W અને Z કેન્દ્ર તરફ મોં રાખીને ગોળાકાર ટેબલની આજુબાજુ બેઠા છે. દરેક ઉપરના ક્રમમાં બેઠા નથી. S, P ની જમણે ત્રીજા સ્થાને છે. P,V ની જમણી બીજા સ્થાને છે. R, V ની ડાબી બાજુ બીજા સ્થાને અને Q ની જમણે ત્રીજા સ્થાને છે. W, V ની સામે બેઠો છે. Z, T ની જમણે બીજા સ્થાને છે. તો T ની ડાબે પ્રથમ સ્થાને કોણ બેઠું છે ?

(A) V (B) R
(C) P (D) Q

56. વ્યકિત A પૂર્વ દિશામાં 6 મીટર ચાલે છે. ત્યાથી ઉત્તર દિશામાં 8 મીટર ચાલે છે. ત્યાંથી નૈઋત્ય દિશામાં 12 મીટર ચાલે છે તો વ્યકિત મૂળબિંદુથી કેટલો દૂર હશે ?

(A) 10 મીટર (B) 2 મીટર
(C) 26 મીટર (D) 4 મીટર

57. નીચેની આકૃતિમાં પ્રશ્નાર્થ ચિહ્નની જગ્યાએ શું આવે ?



(A) 12 (B) 10
(C) 14 (D) 16

58. શ્રેણી પૂર્ણ કરો.

4, 8, 9, 27, 16, 64, 25, ?

(A) 101 (B) 98
(C) 100 (D) 125

59. આપેલ શબ્દોને અંગ્રેજી મૂળાક્ષરોનાં ક્રમ પ્રમાણે ગોઠવો.

(1) TEACHER (2) TRAINEE
(3) TUTION (4) TUTORIAL
(5) TRAILER

(A) 1, 2, 5, 3, 4 (B) 1, 5, 2, 4, 3
(C) 1, 5, 2, 3, 4 (D) 1, 2, 5, 4, 3


60. નીચે આપેલ શ્રેણી પૂર્ણ કરો.

1, 2, 10, 37, ?

(A) 61 (B) 47
(C) 64 (D) 101


પ્રશ્નોના જવાબ સમજૂતી સાથે

55. ANS. (B) EX.



∴ Tની ડાબે પ્રથમ સ્થાન = R

56. ANS. (B) EX.



પાયથાગોરસના પ્રમેય મુજબ,

$AC^2 = AB^2 + BC^2$

$AC = \sqrt{AB^2 + BC^2}$

$= \sqrt{6^2 + 8^2}$

$= \sqrt{36 + 64}$

$= \sqrt{100}$

$= 10$

∴ વ્યકિતની મૂળબિંદુથી દૂરી = 12 − 10
= 2 મીટર

57. ANS. (A) EX.

અહીં,	અથવા
$(2)^2 - 2 = 4 - 2 = 2$	$2 \times 1 = 2$
$(3)^2 - 3 = 9 - 3 = 6$	$3 \times 2 = 6$
$(5)^2 - 5 = 25 - 5 = 20$	$4 \times 3 = 12$
$(4)^2 - 4 = 16 - 4 = 12$	$5 \times 4 = 20$


58. ANS. (D) EX. અહીં,

4 8 9 27 16 64 25 125

$(2)^2$ $(2)^3$ $(3)^2$ $(3)^3$ $(4)^2$ $(4)^3$ $(5)^2$ $(5)^3$

59. ANS. (C)





60. ANS. (D) EX.



DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

67. મહેશનું મોઢું પૂર્વ દિશામાં છે તે હવે 180° કલોક વાઈઝ ફરે છે. ત્યારબાદ 90° એન્ટી કલોક વાઈઝ ફરે છે. તો હવે તેનું મોઢું કઈ દિશામાં હશે ?
(A) પૂર્વ (B) દક્ષિણ
(C) ઉત્તર (D) પશ્ચિમ

68. નીચે પૈકી કયો વેન ડાયાગ્રામ વિશ્વ, એશિયા, ભારત અને ગુજરાતને દર્શાવે છે.

(A) 
(B) 
(C) 
(D) 

ગુજરાતી ભાષા

69. 'જ્યા સુધી માતૃભાષા (ગુજરાતી)ને હું ઉચ્ચ સ્થાન પર નહીં મૂકું ત્યાં સુધી હું પાઘડી નહીં બાંધુ' એવું કોણે કહ્યું હતું ?
(A) કવિ પ્રેમાનંદ (B) કવિ નર્મદ
(C) કવિ કલાપી (D) કવિ સુન્દરમ્

70. 'મારે ટોડલે બેઠો રે મોર' ગીતને કોણે ચિરસ્મરણીય કર્યું ?
(A) દમયંતી બરડાઈ (B) મીનાબેન પટેલ
(C) દિવાળીબેન ભીલ (D) ગીતાબેન રબારી


71. 'પરિરંભ' શબ્દનો સમાનાર્થી શબ્દ શું થાય છે ?
(A) તેજ (B) બનાવટ
(C) આલિંગન (D) લુચ્ચું

72. શુદ્ધ શબ્દ કયો છે ?
(A) મબલખ (B) શૃંગાર
(C) ઔદ્યોગીકરણ (D) પ્રિયવંદા

73. 'એ પરીક્ષા : નિમિષ નહિ ચક્ષ, <u>વિરજ</u> વસ્ત્ર, ઊભા અંતરિક્ષ' – પંક્તિમાં રેખાંકિત કરેલ શબ્દ 'વિરજ'નો અર્થ શું થાય છે ?
(A) મુલાયમ (B) રેશમી
(C) રંગીન (D) સ્વચ્છ

પ્રશ્નોના જવાબ સમજૂતી સાથે

67. ANS. (B) EX.



68. ANS. (D) EX.



69. ANS. (A) EX. જન્મસ્થળ – વડોદરા
બિરુદ – મહાકવિ, આખ્યાન શિરોમણિ, કવિ શિરોમણિ
વખણાતું સાહિત્ય – આખ્યાન

70. ANS. (C) EX. જન્મસ્થળ – દલખાણિયા, અમરેલી વર્ષ 1990માં તેમને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી સન્માન વડે નવાજવામાં આવ્યા હતા.

71. ANS. (C) EX. આલિંગન 'પરિરંભ' નો સમાનાર્થી શબ્દ આલિંગન, ભેટવું, ગળે મળવું, આલિંગ

72. ANS. (B, C)

73. ANS. (D) EX વિરજ : રજ વગરનું, સ્વચ્છ, નિર્મળ
મુલાયમ : નરમ
રંગીન : રંગેલું, રંગિત
રેશમી : રેશમ જેવું સુવાળું


DEMO COPY YUVA UPNISHAD PUBLICATION

YUVA UPNISHAD PUBLICATION

ગુજરાતી વિષયના ધો. 5 થી 12 (પ્રથમ અને દ્વિતીય ભાષા)
GCERTના પાઠ્યપુસ્તક
તેમજ વ્યાકરણ ગ્રંથો આધારિત પુસ્તક

ગુજરાતી વ્યાકરણ

ચતુર્થ આવૃત્તિ 2026





Amazon.inની વિવિધ શ્રેણીમાં પુસ્તકે મેળવેલા Top Ranks

2nd RANK	2nd RANK	3rd RANK	4th RANK	10th RANK	16th RANK	14th RANK	54th RANK
GPSC Category	GPSC Category	SPSE Category	SPSE Category	Government Exam	Government Exam	Exam Preparation	Exam Preparation

પુસ્તકની વિશેષતાઓ

- **GCERT**ના **નવા તેમજ જૂના પાઠ્યપુસ્તકો (પ્રથમ અને દ્વિતીય ભાષા)** તેમજ **ભાષા નિયામકની કચેરીના પુસ્તકો અને સાર્થ**
- **ગૂજરાતી જોડણીકોશ** જેવા વિવિધ આધારભૂત સ્ત્રોતો આધારિત તૈયાર કરેલ પુસ્તક.
- GCERT પાઠ્યપુસ્તકના **ધો. 5 થી 12ના પ્રથમ ભાષા** અને **દ્વિતીય ભાષાના વ્યાકરણ**નો ઉદાહરણ સહિત સમાવેશ.
- પુસ્તકમાં સમાવિષ્ટ **28 પ્રકરણો**માં દરેક પ્રકરણોનું પુનઃલેખન.
- પ્રકરણમાં અગત્યની માહિતીની **કોષ્ટક સ્વરૂપે સરળ રજૂઆત.**
- છંદને યાદ રાખવા માટે **સૂત્ર સ્વરૂપે સરળ સમજૂતી**.
- છંદ અને અલંકારની પંક્તિઓ અને ઉદાહરણોની **કવિના નામ સાથે** સરળ ભાષામાં સમજ.
- **UPSC, GPSC, GSSSB, GPSSB, ગુજરાત પોલીસ ભરતી બોર્ડ (GPRB), ગુજરાત હાઇકોર્ટ** તેમજ વિવિધ **મહાનગરપાલિકાઓ** દ્વારા લેવાયેલ અગાઉની પરીક્ષાઓમાં પુછાયેલા પ્રશ્નો (PYQs)નો પ્રકરણવાર સમાવેશ.
- **ઓનલાઇન** તથા **ઓફલાઇન માધ્યમ**થી લેવાયેલ **અગાઉની પ્રાથમિક પરીક્ષાના 2380 થી વધુ પ્રશ્નો** તથા **મહાવરા માટેના 660થી વધુ પ્રશ્નો**નો પ્રકરણવાર સમાવેશ.

PDF ડેમો કોપી ટેલિગ્રામ ચેનલ પર ઉપલબ્ધ

પુસ્તક પરિચયનો વીડિયો અમારી Youtube ચેનલ પર ઉપલબ્ધ છે.

YUVA UPNISHAD FOUNDATION Watch Us On YouTube

YUVA UPNISHAD PUBLICATION

ગુજરાતમાં સ્પર્ધાત્મક પરીક્ષા માટે ખરેખર
સૌથી વધુ વંચાતું અને લોકપ્રિય પ્રકાશન


શબ્દ ઉપનિષદ

દ્વિતીય આવૃત્તિ 2026

Amazon.in ની વિવિધ શ્રેણીમાં પુસ્તકે મેળવેલા Top Ranks

1st RANK	1st RANK	1st RANK	4th RANK
GPSC Category	GPSC Category	SPSC Category	SPSC Category

4th RANK	18th RANK	6th RANK	43rd RANK	25th RANK
Government Exam	Government Exam	Exam Preparation	Exam Preparation	Books



ધો. 5 થી 12ની GCERTના પાઠ્યપુસ્તક (પ્રથમ અને દ્વિતીય ભાષા), ભાષા નિયામકની કચેરીના પુસ્તકો ભાષા વિવેક, ભાષા સૌંદર્ય, સાર્થ ગૂજરાતી જોડણીકોશ વગેરે જેવા વિવિધ આધારભૂત સ્ત્રોત આધારિત

મુખ્ય વિશેષતાઓ

- **ધો. 5 થી 12 ની GCERT**ના નવા તેમજ જૂના પાઠ્યપુસ્તકો (પ્રથમ અને દ્વિતીય ભાષા) તથા ભાષા નિયામકની કચેરીના પુસ્તકો **ભાષા વિવેક, ભાષા સૌંદર્ય અને સાર્થ ગૂજરાતી જોડણીકોશ** જેવા વિવિધ આધારભૂત સ્ત્રોત આધારિત તૈયાર કરેલ પુસ્તક.
- GCERT ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકના **શબ્દભંડોળનો ધોરણ અને પ્રકરણવાર** સમાવેશ.
- **સમાનાર્થી, વિરુદ્ધાર્થી, રૂઢિપ્રયોગ, શબ્દસમૂહ, તળપદા શબ્દો, કહેવતો, અર્થભેદ-જોડણીભેદ, ગદ્યખંડ આધારિત શબ્દભંડોળ, શબ્દ વૈવિધ્ય** જેવા પ્રકરણોનો સમાવેશ.
- **UPSC, GPSC, GSSSB, GPSSB, પોલીસ ભરતી બોર્ડ, ગુજરાત હાઇકોર્ટ** તેમજ વિવિધ **મહાનગરપાલિકાઓ** દ્વારા લેવાયેલ અગાઉની પરીક્ષાઓમાં પુછાયેલા પ્રશ્નો (PYQs)નો પ્રકરણવાર સમાવેશ.
- **ઓનલાઇન તથા ઓફલાઇન માધ્યમ**થી લેવાયેલ અગાઉની પ્રાથમિક પરીક્ષામાં પુછાયેલા **1200થી વધુ પ્રશ્નો, GPSC** અને **UPSC** દ્વારા લેવાયેલ **મુખ્ય પરીક્ષા**માં પુછાયેલા **310થી વધુ પ્રશ્નો** તથા મહાવરા માટેના **270થી વધુ પ્રશ્નો**નો સમાવેશ.

PDF ડેમો કોપી ટેલિગ્રામ ચેનલ પર ઉપલબ્ધ

પુસ્તક પરિચયનો વીડિયો અમારી Youtube ચેનલ પર ઉપલબ્ધ છે.

YUVA UPNISHAD FOUNDATION Watch Us On YouTube

ADAJAN	VARACHHA	VYARA	CHIKHLI
99094 39795	83479 30810	74348 39380	99094 39622

Follow us on : / Yuva Upnishad Foundation

84. વિરામચિહ્નોનો ઉચિત પ્રયોગ ન થયો હોય તેવું વાકય કયું છે ?
(A) એણે કહ્યું : હું ત્યાં કયારેય આવીશ નહીં.
(B) મા'રાજ, આ માટે શુ જોઈશે ?
(C) બધાં જ તત્વજ્ઞાન(?) સમજી શકતા હશે ?
(D) "બોલે એના બોર વેચાય"

85. ખોટી જોડણી કયા શબ્દની છે ?
(A) કમિશનર (B) ઉતુંગ
(C) કમિટી (D) નૈર્ઋત્ય

અંગ્રેજી ભાષા

86. Find the different word from following words.
(A) retrive (B) rescure
(C) salvage (D) evade

87. Neither you nor your friend was sick.....?
(A) Wasnt't he ? (B) Was he ?
(C) Weren't they ? (D) Were they ?

88. If Mr.shah had saved money earlier, he ..... a new car.
(A) bought (B) have had bought
(C) will have bought (D) would have bought

89. Shruti said to Neha, "You are my best friend now"-find correct indirect speech.
(A) Shruti told Neha the she was her best friend then.
(B) Shruti told Neha that she was her best friend now.
(C) Shruti told Neha that she was her best friend then.
(D) Shruti told Neha that she is her best friend then.

90. The lightning has a tongue of flame, Identify the figure of speech used in the sentence.
(A) Ironey (B) Personification
(C) Metaphor (D) Simile

91. Dr.Harris welcomed the members of the committee and went on ..... the subject of the meeting put proper verb form.
(A) introduced (B) introducing
(C) introduces (D) to introduce

92. Find out similar word for : Assault
(A) Defence (B) Beating
(C) Shooting (D) Attack

93. Select the correct sentence.
(A) Unless you worked hard, you will fail.
(B) Unless you don't work hard, you will fail.
(C) Unless you work hard, you will fail.
(D) Unless you will work hard, you will fail

94. Intelligent ..... he is, he could not pass that exam.
(A) though (B) however
(C) yet (D) as

95. Parth filled ten litres of petrol to go to Ahmedabad. Select the most appropriate option to get the underlined word as answer.
(A) How much petrol parth filled to go to Ahmedabad ?
(B) How much petrol did Parth filled to go to ahmedabad
(C) How much petrol did Parth fill to go to Ahmedabad ?
(D) How much petrol Parth fill to go to Ahmedabad ?

DEMO COPY PUBLICATION NOT FOR SALE

પ્રશ્નોના જવાબ સમજૂતી સાથે

84. ANS. (D) "બોલે એના બોર વેચાય"

85. ANS. (B) EX. ઉતુંગ ની સાચી જોડણી ઉત્તુંગ છે.

86. ANS. (D) EX. retrieve, rescue, salvage – ત્રણેયનો અર્થ 'બચાવવો' થાય છે. 'evada' (evade) નો અર્થ 'ટાળવું/પલાયન કરવું' થાય છે જેથી 'evada' અલગ શબ્દ છે.

87. ANS. (B) EX. મુખ્ય વાકય એકવચનમાં નકાર હોવાથી question tagમાં હકારમાં Was he ? આવશે.

88. ANS. (D) EX. Third Conditional વાકય છે : had + V3 → would have + V3. એટલે સાચો વિકલ્પ 'would have bought'.

89. ANS. (C) EX.

Direct	Indirect
said to	told
are	was
now	then

90. ANS. (B) Personification

91. ANS. (B) EX. વાકયમાં 'went on' પછી ક્રિયા સતત શરૂ હોવાથી verb + ing આવે છે એટલે 'introducing' શબ્દ આવશે.

92. ANS. (B, D)

93. ANS. (C) EX. 'Unless' સાથે સાદો વર્તમાનકાળ વપરાય છે. તેમજ 'Unless' એ નકાર હોવાથી don't આવશે નહીં તેથી વાકય 'Unless you work hard, you will fail.' સાચું છે.

94. ANS. (D) EX. અહીં as એ conjuction જેનો અર્થ એમ છતા.. પણ યોગ્ય બંધારણ છે : 'Intelligent as he is ...'

95. ANS. (C) EX. Simple Past tense માટે 'did + base verb' આવે છે. એટલે 'did Parth fill'.

નવા ઉમેરાયેલા પ્રશ્નપત્રો

TET-2

ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-2 (SP. TET-2) 25/05/2023

DEMO COPY

TAT-S

શિક્ષક અભિરુચિ કસોટી (TAT-S) 25/06/2026

TAT-HS

શિક્ષક અભિરુચિ કસોટી(TAT-HS) 12/04/2026

YUVA UPNISHAD PUBLICATION

ગુજરાતમાં સ્પર્ધાત્મક પરીક્ષા માટે ખરેખર સૌથી વધુ વંચાતું અને લોકપ્રિય પ્રકાશન


2nd COLOUR Edition 2026-27

English Vocabulary

કેન્દ્ર તથા રાજ્ય સરકારની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી પુસ્તક

Amazon.inની વિવિધ શ્રેણીમાં પુસ્તકે મેળવેલા Top Ranks





PDF ડેમો કોપી ટેલિગ્રામ ચેનલ પર ઉપલબ્ધ

પુસ્તક પરિચયનો વીડિયો અમારી Youtube ચેનલ પર ઉપલબ્ધ છે.

YUVA UPNISHAD FOUNDATION Watch Us On YouTube

મુખ્ય વિશેષતાઓ

- રાજ્ય તથા કેન્દ્ર સરકાર દ્વારા પ્રકાશિત **GCERT** તેમજ **NCERT** પાઠ્યપુસ્તકો જેવા **આધારભૂત સ્ત્રોતોના સંદર્ભ** આધારિત **English Vocabulary**નો સમાવેશ કરતું **રંગીન પુસ્તક.**
- આ પુસ્તકમાં English Vocabulary સંબંધિત **કુલ 18 પ્રકરણો**માં **English Word** સાથે **ગુજરાતી અર્થ**નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.
- **શબ્દોના ઉદ્ ભવ તેમજ બંધારણને સમજવા** માટે **300થી વધુ Story of Word Origin** ના માધ્યમથી જે તે પ્રકરણમાં સરળ સમજૂતી સાથે રજૂઆત.
- કેટલાક **અઘરા શબ્દોને સરળ રીતે યાદ રાખવા માટે** તે શબ્દને **ચિત્રાત્મક સ્વરૂપે** પણ દર્શાવવામાં આવ્યા છે.

વિશેષ આકર્ષણ

450+ Practice Questions	21300+ Overall Words	2000+ PYQs & Explanation

નવા પ્રકરણો

- Root Words
- Foreign Words
- Field Related Important Vocab
- Fauna and Flora
- Daily Routine Vocab
- The Hindu (Newspaper) Vocabulary

- **GPSC, GSSSB, GPSSB, પોલીસ ભરતી બોર્ડ** તથા **SSC**ની **પ્રાથમિક** તથા **મુખ્ય પરીક્ષાના બદલાતા અભ્યાસક્રમ અનુસાર Spellings, Synonyms and Antonyms, One Word Substitution, Idioms and Phrases, Confusing Words, Phrasal Verbs** વગેરે પ્રકરણોનું **પુનઃલેખન**.
- દરેક પ્રકરણના અંતે **અગાઉની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નો (PYQs)** તથા તેના **દરેક વિકલ્પોની પણ ગુજરાતી અર્થ સાથે સરળ સમજુતી**.
- **Confusing Words** અંતર્ગત **Heteronyms, Contronyms** અને **Homophones** પ્રકરણનો સમાવેશ.

YUVA UPNISHAD PUBLICATION

ગુજરાતમાં સ્પર્ધાત્મક પરીક્ષા માટે ખરેખર સૌથી વધુ વંચાતું અને લોકપ્રિય પ્રકાશન


2nd Edition 2026

English Grammar

કેન્દ્ર તથા રાજ્ય સરકારની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી પુસ્તક

Amazon.in ની વિવિધ શ્રેણીમાં પુસ્તકે મેળવેલા Top Ranks





PDF ડેમો કોપી ટેલિગ્રામ ચેનલ પર ઉપલબ્ધ

પુસ્તક પરિચયનો વીડિયો અમારી Youtube ચેનલ પર ઉપલબ્ધ છે.

YUVA UPNISHAD FOUNDATION Watch Us On YouTube

મુખ્ય વિશેષતાઓ

- અંગ્રેજી વ્યાકરણના મુદ્દાઓની **ગુજરાતી ભાષા**માં સરળ સમજ.
- **NCERT/GCERT** તેમજ અન્ય આધારભૂત સ્ત્રોતોનો સંદર્ભ.
- આ પુસ્તકમાં Parts of Speech, Articles, Tense, Active-Passive Voice, Direct-Indirect Speech, Prepositions, Conjuctions, Wh questions, Question Tag, Modal Auxiliary, Comprehension, Jumbles વગેરે જેવા પરીક્ષાલક્ષી પ્રકરણોની સરળ રજૂઆત.
- અગત્યની માહિતી તેમજ **ગુંચવાતા મુદ્દાઓ**નો **Charts** અને **Notes** સ્વરૂપે સમાવેશ.
- વિવિધ **Tense (કાળ)**માં થતી મૂંઝવણની **Line Chart** દ્વારા સમજૂતી તથા કાળની સરખામણીનો સમાવેશ.
- આ પુસ્તકમાં **Noun, Adjective, Articles, Prepositions, Conjuctions, Tense, Active-Passive Voice, Direct-Indirect Speech, Useful Important Concepts** જેવા પરીક્ષાલક્ષી પ્રકરણોની સમજ હેતુ મુદ્દાઓનો **115થી વધુ Figures** અને **Pictures** તેમજ **150થી વધુ ટેબલ** સ્વરૂપે રજૂઆત.
- અંગ્રેજી વ્યાકરણના **Rules** અને **Concepts**ની સમજ માટે **3750 થી વધુ Examples, અગાઉની પરીક્ષામાં પૂછાયેલા 1850થી વધુ** તેમજ **મહાવરા માટેના 2500થી વધુ** અને **TCS દ્વારા લેવાયેલ વિવિધ પરીક્ષામાં પુછાયેલા 240થી વધુ** એમ **કુલ 8340થી વધુ પ્રશ્નો**નો સમાવેશ.
- **Useful Important Concepts** પ્રકરણ દ્વારા પરીક્ષામાં પૂછાતા **Confusing Points**ની સરળ સમજૂતી.

ADAJAN 99094 39795 | VARACHHA 83479 30810 | VYARA 74348 39380 | VALSAD 99094 39971 | CHIKHLI 99094 39622

Follow us on : / Yuva Upnishad Foundation

ખાસ શિક્ષક યોગ્યતા કસોટી

સમય : 120 મિનિટ

Sp. TET - 2 ધોરણ 6 થી 8

તારીખ : 25-05-2023

કુલ પ્રશ્નો : 150

કુલ ગુણ : 150

સામાન્ય જ્ઞાન

1. રાષ્ટ્રપતિ પોતાના હોદ્દાનું રાજીનામું કોને સુપ્રત કરે છે ?
   (A) ઉપરાષ્ટ્રપતિ (B) વડાપ્રધાન
   (C) સર્વોચ્ચ અદાલતના મુખ્યન્યાયમૂર્તિ (D) લોકસભાના સ્પીકર
2. ગુજરાત સરકારની 'ચિરંજીવી' યોજનાનો હેતુ શો છે?
   (A) શાળામાં બાળકોને અભ્યાસ કરાવવો.
   (B) બાળમૃત્યુદર અને માતામૃત્યુદર ઘટાડવો.
   (C) શાળાના બાળકોની આરોગ્ય ચકાસણી કરવી.
   (D) ગરીબ સ્ત્રીઓને આર્થિક સહાય આપવી.
3. ભારત અને ચીન વચ્ચેની સરહદ દર્શાવતી રેખા કયા નામે ઓળખાય છે ?
   (A) મેકમોહન રેખા (B) દુરન્દ રેખા
   (C) રેડકલીફ રેખા (D) સટકલીફ રેખા
4. કપડા ધોવાના સોડાનું રાસાયણિક સૂત્ર શું છે ?
   (A) Na_2CO_2 (B) Na_2CO_3
   (C) $NaHCO_3$ (D) $CaCO_4$
5. તામિલનાડુ રાજ્યનું કયું રેલવે સ્ટેશન સંપૂર્ણપણે સૌર ઊર્જાથી ચાલતું સ્ટેશન બની ગયું છે ?
   (A) મદુરાઈ (B) કોઈમ્બતુર
   (C) મેટ્ટુપલ્યમ (D) ચેન્નાઈ સેન્ટ્રલ
6. મહિલા ક્રિકેટમાં વર્લ્ડકપ સ્પર્ધાઓમાં સૌથી વધુ વિકેટ લેનાર મહિલા ક્રિકેટર કોણ છે ?
   (A) તાસ્ત્ર સંધુ (B) દીપ્તી શર્મા
   (C) ઝુલન ગોસ્વામી (D) મિતાલી રાજ
7. પુરાણો કઈ નદીને "રૂદ્રકન્યા" કહે છે ?
   (A) માહી (B) સરસ્વતી
   (C) નર્મદા (D) તાપી

DEMO COPY NOT FOR PUBLICATION

પ્રશ્નોના જવાબ સમજૂતી સાથે

1. ANS. (A) ઉપરાષ્ટ્રપતિ
EX. રાષ્ટ્રપતિ પોતાના હોદ્દાનું રાજીનામું બંધારણની કલમ 56(1) મુજબ ઉપરાષ્ટ્રપતિને આપે છે.

2. ANS. (B) બાળમૃત્યુદર અને માતામૃત્યુદર ઘટાડવો.
EX. ગુજરાત સરકારે 2005માં ચિરંજીવી યોજનાની શરૂઆત કરી હતી. તેનો હેતુ ગરીબ અને આર્થીક રીતે નબળા પરિવારોની સર્ગભા મહિલાઓને સુરક્ષિત પ્રસુતિની સુવિધા પુરી પાડી શિશુ મૃત્યુદર અને માતા મૃત્યુદર ઘટાડી વસતી વૃદ્ધિને સ્થિર કરવાનો છે.

3. ANS. (A) મેકમોહન રેખા
EX. ભારત અને ચીન વચ્ચેની સરહદ રેખા = મેકમોહન રેખા
ભારત અને પાકિસ્તાન વચ્ચેની સરહદ રેખા = રેડક્લિફ રેખા
ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની સરહદ રેખા = ડુરન્ડ રેખા

4. ANS. (B) Na_2CO_3
EX. કપડા ધોવાના સોડાનું રાસાયણિક નામ સોડિયમ કાર્બોનેટ છે અને તેનું રાસાયણિક સુત્ર Na_2CO_3 છે.

5. ANS. (D) ચેન્નાઈ સેન્ટ્રલ
EX. તમિલનાડુંનું ચેન્નાઈ સેન્ટ્રલ રેલ્વે સ્ટેશન સંપૂર્ણપણે સૌરઊર્જાથી ચાલતું સ્ટેશન બન્યું છે. આ સ્ટેશન પર 1.5MW ક્ષમતાનો સલોાર પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યો છે.

6. ANS. (C) ઝુલન ગોસ્વામી
EX. વર્ષ 2023માં ભારતની ઝુલન ગોસ્વામી 43 વિકેટ સાથે મહિલા વર્લ્ડકપમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર હતી, તેથી વિકલ્પ (C) સાચો જવાબ છે; પરંતુ વર્તમાન 2026 ની સ્થિતી મુજબ દક્ષિણ આફ્રિકાન મેરિઝાન કેપ 44 વિકેટ ઝડપીને આ રેકોર્ડ તોડી વિશ્વમાં પ્રથમ ક્રમે આવી ગઈ છે.

7. ANS. (C) નર્મદા
EX. પુરાણો અનુસાર નર્મદા નદીને 'રૂદ્રકન્યા' અથવા શિવપુત્રી તરીકે ઓળખવામાં આવે છે.

40. ગુજરાતમાં આવેલ કયા પર્વત જવાળામુખી પર્વતનું ઉદાહરણ છે.
(A) ચોટીલા (B) ગિરનાર
(C) પાવાગઢ (D) B અને C બંને

41. કઈ બાબતની મદદથી નકશામાં પ્રાકૃતિક અને સંસ્કૃતિક વિગતો સરળતાથી દર્શાવી શકાય છે?
(A) દિશા (B) રૂઢ સંજ્ઞાઓ
(C) પ્રમાણમાપ (D) સ્થળ વર્ણન

42. ભારત દેશ પૃથ્વી પર કયા ગોળાર્ધમાં આવેલ છે ?
(A) ઉત્તર–દક્ષિણ (B) ઉત્તર–પૂર્વ
(C) પૂર્વ–દક્ષિણ (D) પૂર્વ ઉત્તર

43. પાછા ફરતા મોસમી પર્વતો કયા ઋતુ દરમિયાન હોય છે ?
(A) હેમંત (B) વસંત
(C) શરદ (D) વર્ષા


44. સરકાર કોને કેન્દ્રમાં રાખીને કાયદો બનાવે, કાયદામાં સુધારો કરે અને કાયદાનો અમલ કરાવે.
(A) દેશના લોકો (B) દેશની સંપત્તિ
(C) લોકોની માંગણી (D) બંધારણ


45. એશિયાની સૌથી મોટી હોસ્પિટલ કયા શહેરમાં આવેલી છે ?
(A) મુંબઈ (B) કલકતા
(C) દિલ્હી (D) અમદાવાદ


46. કોઈ ચીજ વસ્તુઓ ખરીદી કર્યા પછી જો લાંબેગાળે પણ તમારા સ્વાસ્થ્યને નુકશાન થાય તો કયા અધિકાર મુજબ તમે ફરીયાદ કરી શકો?
(A) સલામતીનો અધિકાર (B) પસંદગીનો અધિકાર
(C) સમાનતાનો અધિકાર (D) રજુઆતનો અધિકાર


47. શ્રીગુપ્ત કયા વંશનો સ્થાપક હતો ?
(A) મગધવંશ (B) મૌર્યવંશ
(C) ગુપ્તવંશ (D) લોદીવંશ

48. તુલસીદાસ લિખિત ગ્રંથ કયો છે ?
(A) બીજક (B) ગુરુ ગ્રંથસાહેબ
(C) રામચરિતમાનસ (D) અભિજ્ઞાન શાંકુન્તલમ્

49. નીચે આપેલ આલેખ પૈકી કયો આલેખ પદાર્થની ઝડપ અચળ નથી તે દર્શાવે છે.
(A) 

(B) 

(C) 

(D) 

શિક્ષક અભિયોગ્યતા

50. સર્જકતાનો વિકાસ
(A) પુખ્તાવસ્થામાં અપેક્ષિત છે.
(B) તરુણાવસ્થામાં અપેક્ષિત છે.
(C) ઉત્તર બાલ્યાવસ્થામાં અપેક્ષિત છે.
(D) પૂર્વશાલય અવસ્થામાં અપેક્ષિત છે.

પ્રશ્નોના જવાબ સમજૂતી સાથે

40. ANS. (D) B અને C બંને
EX. જ્વાળામુખી પર્વત એટલે પૃથ્વીના પેટાળમાંથી મેગ્મા વિસ્ફોટ દ્વારા બહાર ફેકાઈ ઠરી શંકુ આકારની રચના.

41. ANS. (A) દિશા
EX. કોઈ પણ નકશામાં ત્રણ મુખ્ય ઘટકો હોય છે. અંતર, દિશા અને રૂઢ સંજ્ઞાઓ. જેમાં અંતર પ્રમાણમાપથી દિશા ચોક્કસ સ્થાનથી અને રૂઢ સંજ્ઞાઓ ચિન્હો દ્વારા દર્શાવાય છે.

42. ANS. (B) ઉત્તર–પૂર્વ
EX. ભારત દેશ એ પૃથ્વીના $8°4'$ ઉત્તર અક્ષાંશથી $37°6'$ ઉત્તર અક્ષાંશ વચ્ચે તથા $68°7'$ પૂર્વ રેખાંશથી $97°25'$ પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે.

43. નોંધ : ફાઈનલ આન્સર–કી મૂજબ આ પ્રશ્નમાં ગ્રેસિંગ માર્કસ આપવામાં આવેલ છે.

44. ANS. (D) બંધારણ
EX. દેશમાં કાયદો બનાવવાં સુધારો કરવા અને તેનો અમલ કરવા માટે બંધારણ સર્વોચ્ચ છે.

45. ANS. (D) અમદાવાદ
EX. અમદાવાદમાં આવેલી શેઠ હઠિસિંહ પ્રેમાભાઈ (સિવિલ) હોસ્પિટલ (અસારવા)એ એશિયાની સૌથી મોટી હોસ્પિટલ છે.

46. ANS. (A) સલામતીનો અધિકાર
EX. ગ્રાહક સુરક્ષા અધિનિયમ મુજબ સલામતીનો અધિકાર ગ્રાહકને રક્ષણ આપે છે.

47. ANS. (C) ગુપ્તવંશ
EX. ઈ.સ. ત્રીજી સદીના અંત ભાગમાં શ્રીગુપ્ત દ્વારા ગુપ્તવંશની સ્થાપના કરવામાં આવી. ગુપ્ત સામ્રાજય ભારતનો સુવર્ણકાળ તરીકે ઓળખાય છે.

48. ANS. (C) રામચરિતમાનસ
EX. બીજક–સંત કબીર
રામચરિતમાનસ–તુલસીદાસ
અભિજ્ઞાન શાંકુન્તલમ્–કવિ કાલિદાસ.

49. ANS. (D) એક સમાન સમયમાં કાપેલ એક સમાન અંતર હોય તો ઝડપ અચળ છે તેમ કહી શકાય.
ઝડપ = અંતર / સમય

50. ANS. (A) પુખ્તાવસ્થામાં અપેક્ષિત છે.
EX. મનોવિજ્ઞાન અનુસાર, સર્જકતા કે મૌલિક અભિવ્યકિતનો પરિપકવ વિકાસ પુખ્તાવસ્થા દરમિયાન વિશેષરૂપે જોવા મળે છે, જ્યાં વ્યકિત નવા અને મૌલિક વિચારોનું સર્જન કરી શકે છે.

DEMO COPY

યુવા ઉપનિષદ્ પબ્લિકેશન, સુરત દ્વારા પ્રકાશિત

YUVA UPNISHAD
PUBLICATION

4th EDITION 2026

Amazon.inની વિવિધ શ્રેણીમાં પુસ્તકે મેળવેલા **Top Ranks**




જનરલ નોલેજ

(વર્ણનાત્મક સ્વરૂપે)

ગુજરાત | ભારત | વિશ્વ

વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી પુસ્તક



PDF ડેમો કોપી ટેલિગ્રામ ચેનલ પર ઉપલબ્ધ

પુસ્તક પરિચયનો વીડિયો અમારી Youtube ચેનલ પર ઉપલબ્ધ છે.

YUVA UPNISHAD FOUNDATION Watch Us On YouTube

મુખ્ય વિશેષતાઓ

- **ઇતિહાસ, સાંસ્કૃતિક વારસો, ભૂગોળ, પ્રવાસન, અર્થવ્યવસ્થા, સાહિત્યકારો, મહાનુભાવો, સામાન્ય વિજ્ઞાન, વિજ્ઞાન અને ટેક્નોલોજી, બંધારણ, પંચાયતી રાજ, ગુજરાતના જિલ્લા, પર્યાવરણ, આપત્તિ વ્યવસ્થાપન, કમ્પ્યૂટર, રમતજગત, યોજનાઓ, પુરસ્કારો, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, વર્તમાન પ્રવાહ વગેરે વિષયો**નો પ્રકરણવાર સમાવેશ કરીને **ગુજરાત, ભારત અને વિશ્વ** જેવા ભાગમાં વિભાજિત.
- **જનરલ નોલેજ**ને લગતા **38 વિષયો**નો **વર્ણનાત્મક** સ્વરૂપે સમાવેશ.
- જનરલ નોલેજને લગતા દરેક વિષયોનું **પુનઃલેખન** તેમજ **ભારતીય સંસ્થાના લોગો અને ધ્યેય વાક્યો** તથા **જાહેર વહીવટ** જેવા નવા મુદ્દાઓનો સમાવેશ.
- **ગુજરાત, ભારત** અને **વિશ્વના નકશા** સાથે સામાન્ય પરિચયનો સમાવેશ.
- ગુજરાત, ભારત અને વિશ્વના **અગત્યના સૌથી નાના-મોટા તથ્યોની માહિતી.**
